**ક્રી.કેસ નંબર: ૧૯૨૦/૨૦૧૩**

**આંક: ૧ નીચે હુકમ.**

(૧) ફરિયાદીને સાંભળ્યા, આંક:પ ની સમાધાન પુરસીસ તથા કેસનુ રેકર્ડ વંચાણે લીધુ. આંક:પ લગત કરવામાં આવેલ વિ.એ.પી.પી.શ્રીનો શેરો ધ્યાને લીધો.

આ કામે લોક અદાલતના સમન્સ/નોટીસ/પક્ષકારોને કાઢતાં ફરિયાદી/ભોગ બનનાર અત્રેની કોર્ટ સમક્ષ હાજર છે, પરંતુ આરોપી હાજર થયેલ નથી. આરોપી આ કેસની ટ્રાયલમાં શરુઆતથી જ કસ્ટડીમાં છે. ફરિયાદી/ભોગ બનનાર હાલની આંક:પ ની પુરસીસથી જાહેર કરેલ છે કે, તેઓ આરોપી વિરુધ્ધનો ગુનો કમ્પાઉન્ડ (દરગુજર) કરે છે અને તેમને સદર કેસ આગળ ચલાવવાનો નથી. સદર પુરસીસ તેઓને વાંચી, સંભળાવી, સમજાવતા સ્વેચ્છાએ કબુલ-મંજુર રાખેલ છે.

(૨) ઉપરોકત હકીકતે આ કોર્ટે એ નિર્ણય કરવાનો છે કે, આરોપી કોર્ટ સમક્ષ હાજર થયો ન હોય અને રજુ થયેલ પુરસીસમાં તેની સહી ન હોય તો પણ કોર્ટ આરોપી વિરુધ્ધનો ગુનો તેની ગેરહાજરીમાં કમ્પાઉન્ડ કરી શકે કે કેમ? આ કોર્ટના ધ્યાન ઉપર નીચે મુજબની ઓથોરીટીઓ આવેલ છે.

૧. વાય.બી.બૈજુ વિરુધ્ધ સ્ટેટ ઓફ કેરાલા, ૨૦૦૮,ક્રી.લો.જ.-૯૨૮,

૨. યેસુદાસ અને બીજા વિ.સબ-ઈન્સ્પેકટર ઓફ પોલીસ,
કલ્લાસમેસરી અને બીજા,ક્રિ.લો.જ.-૧૨૯૦,

(૩) સદર ઓથોરીટીમાં નામ. કેરાલા હાઈકોર્ટે નીચે મુજબનો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.

(એ) ક્રિ.પ્રો.કો.કલમ: ૩૨૦માં કરેલ કોમ્પોઝીશનની જોગવાઈ એક પક્ષીય ક્રિયા છે અને તે દ્વિપક્ષીય ક્રિયા નથી.

(બી) ક્રિ.પો.કો.કલમ: ૩૨૦(૧) તથા ૩૨૦(૨) મુજબ કોમ્પોઝીશનના નામે અરજી સદર કલમના કોઠાની કોલમ નં.૩ માં વર્ણવેલ ભોગ બનનાર વ્યકિતમાં તેની સહીથી થઈ શકે.

(સી) કોમ્પોઝીશનની અરજી ફરિયાદી/ભોગબનનાર તથા આરોપીની સંયુકત સહીથી આપવા માટે કોર્ટ ફરજ પાડી શકે નહી.

(ડી) ક્રિ.પ્રો.કોડની કલમ: ૩૨૦ મુજબની કોમ્પોઝીશનની જોગવાઈ ધ્યાને લેતાં કોર્ટ આરોપીને હાજર રાખવા ફરજ પાડી શકે નહી.

(ઈ) ક્રિ.પ્રો.કોડ કલમ-૩૨૦ હેઠળ ગુનો કમ્પાઉન્ડ કરવાની ક્રિયા કોર્ટે ગુનાનુ સંજ્ઞાન

લે તે પહેલાં ઈન્વેસ્ટીગેશનના સ્ટેજે પણ થઈ શકે.

આમ, ઉપરોકત ઓથોરીટીમાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લીધા. સદર સિધ્ધાંત મુજબ ક્રિ. પ્રો. કોડ કલમ: ૩૨૦ મુજબ ગુનો કમ્પાઉન્ડ (દરગુજર–માફ) કરવા માટે માફ કરવાની પુરસીસમાં આરોપીની સહી ફરજીયાત નથી. તેથી હાલની પુરસીસ સ્વીકારવાને પાત્ર છે. તેમજ ફરિયાદની હકીકતને ઘ્યાને લેતાં જો પુરસીસ ગ્રાહય રાખી કેસ ફેંસલ કરવામાં આવે તો અન્ય કોઈ વ્યકિતના કોઈ હીતને નુકસાન થતુ હોય તેમ જણાતુ નથી. વધુમાં આરોપીને હાજર રાખ્યા બાદ જ સમાધાન ગ્રાહય રહેશે તે રીતે ફરજ પાડવામાં આવે તો કેસના પરિણામમાં કોઈ ફેર પડતો હોય તેમ જણાતુ નથી.

આ તબકકે ૧૯૯૬(૩)ક્રાઈમ્સ પાના નં.૮૫ સતીષ મહેરા વિરુધ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેશનનો ચુકાદો ઘ્યાને લેવામાં આવે તો આ ચુકાદા મુજબ જયારે મહત્વના સાહેદોએ ફરિયાદ પક્ષને સમર્થન આપેલ ના હોય, ત્યારે બાકીના સાહેદોને તપાસવાની ફોર્માલીટી પુરી કરવી જરુરી નથી. નામ.સર્વોચ્ચ અદાલતે એવુ નિરિક્ષણ કરેલ છે કે:–

''**When judge is certain that there is no prospect of case ending in conviction valuable time of court should not be wasted for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date."**

તેમજ આ કામે ફરિયાદી/ભોગ બનનાર સ્વૈચ્છિક રીતે હાલની કમ્પાઉન્ડ માટેની અરજી આપેલ છે તેથી આરોપી હાજર નથી તે કારણસર તે નામંજુર કરવાથી અર્થહિન કાર્યવાહી થશે અને આવી કાર્યવાહી કર ભરતા લોકોના નાણાં વેડફવા બરાબર થશે માટે ઉપરોકત તમામ પાસા ઘ્યાને લઈ હાલની પુરસીસ રેકર્ડ કરવામાં આવે છે અને ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**::– હુકમ –::**

૧. આરોપીની સામે કેસના રેકર્ડ ઉપરના પુરાવાને ઘ્યાને લઈ તેઓની સામે ચાર્જ ફ્રેમ થયેલ ન હોઈ, ક્રિ.પ્રો.કોડ કલમ: ૨૩૯ અન્વયે ઈ.પી.કો.કલમ: ૩૭૯ ના ગુનામાંથી બીનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીએ ક્રિ.પ્રો.કો.કલમ–૪૩૭(એ) ના હેતુ માટે રકમ રૂ. ૫૦૦૦/– ના જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. મુદ્દામાલ અંગે અગાઉ કરવામાં આવેલ વચગાળાનો હુકમ આથી કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ: ૦૮મી, માહે: સપ્ટેમ્બર, સને ૨૦૧૮ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૮/૦૯/૨૦૧૮
અમદાવાદ(ગ્રામ્ય)
લોક અદાલત

**(રાકેશ લલિત ગુપ્તા)**
જી.જે. ૦૧૩૭૧
૭માં જ્યુ.મેજી.ફ.ક.
અમદાવાદ(ગ્રામ્ય), મીરઝાપુર